ज्ञानोन्मेष

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

# શિક્ષણ-વ્યવસ્થામાં નવોન્મેષીય પગરવ

**ડૉ. રાકેશ પટેલ**
એસોસિયેટ પ્રોફેસર,
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

**Received : 29-04-2020** **Published Online : July, 2020** **Accepted : 30-05-2020**

શિક્ષણશાસ્ત્રની સાર્થકતા અનેક નવાં-નવાં અન્વેષણો અને વિકલ્પોના સ્વીકાર સાથે જોડાયેલી છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં જે ગતિએ નવી બાબતોનો સમાજમાં સ્વીકાર થાય છે તે ગતિએ શિક્ષણના નાવીન્યને કદાચ સમાજ સ્વીકારવા તૈયાર નથી હોતો ! માટે જ શિક્ષણની ચર્ચા પ્રમાણમાં ઓછી થાય છે અને તેનાં અનેક કારણો પણ છે. 'જે છે એનો સ્વીકાર કરો, આપણા હાથમાં કંઈ નથી' - આ લાગણી લગભગ સાર્વત્રિક છે. આજના શિક્ષણની કેટલીક વાસ્તવિક બાબતો પરત્વે દૃષ્ટિ કરીએ :

૧. શિક્ષણમાં મોટા ભાગે નીતિગત નિર્ણયો આજે પણ સરકાર તરફથી થતા હોય છે. અને તેના કારણે નિર્ણય ધીમા અને બિન-અસરકારક નીવડતા હોય છે.
૨. અભ્યાસક્રમ જેવી અગત્યની બાબતો સૌથી વધુ ચર્ચાસ્પદ રહી છે. દેશ અને દુનિયાએ અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી હોય, વર્ષો વીતી જાય પછી પણ અભ્યાસક્રમમાં તો જૂની પુરાણી થિયરી ચાલતી જ રહે છે. કૌશલ્યપ્રાપ્તિ માટે અલગ શિક્ષણવ્યવસ્થા ઊભી કરવી પડે તે પણ વિચારણીય મુદ્દો છે.
૩. શિક્ષણને આપણો સમાજ માત્ર ને માત્ર રોજગારી અથવા કારકિર્દી સાથે જોડે છે. સમાજના વિચારકોએ વિચારવા જેવો મુદ્દો છે કે શિક્ષણ જેવા મહાન ઉદ્દેશ્યને જીવનયાપન એકાંગી મર્યાદામાં બાંધી દેવું તે કેટલું વાજબી છે ?

ઉપરોક્ત ત્રણે વાસ્તવિકતા વિદ્યાર્થીની સહજતા અને નાવીન્ય ઉપર પ્રહાર કરનારી છે. પરંતુ હકીકત તો એ છે કે સમગ્ર જીવનની પ્રત્યેક બાબતોને શિક્ષણ સ્પર્શે છે અને ગતિશીલ બનાવે છે. દેશની સમસ્યાઓ હોય કે સમાજના કુરિવાજો હોય, બધી બાબતોમાં શિક્ષણે સમસ્યા નિવારક તરીકે પ્રગટ થવું જોઈએ. પણ ચિત્ર એવું ઊપસે છે કે સમસ્યાને અને શિક્ષણને કોઈ સીધો સંબંધ નથી. જેમાં અપવાદરૂપ IIT કે IIM જેવી સંસ્થાઓ વિદ્યાર્થીઓને અલગ પ્રકારનું અને વાસ્તવિક શિક્ષણ આપે છે.

તેની સામે અમેરિકા જેવા દેશમાં તો છેલ્લાં ૨૫ વર્ષથી 'ગ્રોઇંગ વિધાઉટ સ્કૂલિંગ' નામની નવતર ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશ હેઠળ આશરે ૨૪ લાખ વિદ્યાર્થીઓ આજે પોતાના વાલીઓના નિરીક્ષણ હેઠળ ઘરે જ ભણી રહ્યાં છે, તેમ છતાં તેઓ સ્કૂલમાં ભણતાં બાળકો કરતાં વધુ સ્માર્ટ છે.

'આનંદમય શાળા' નામના પુસ્તકમાં અરવિંદ ગુપ્તા નામના લેખકે (૧) રખડુ શિક્ષણશાસ્ત્રી નામે એક ટૂંકા પરિચયમાં જહોન હોલ્ટનો પરિચય આપે છે. તેમણે ૧૦ પુસ્તકો લખ્યાં છે, તેમનું એક પુસ્તક છે, 'બાળકો કેમ નિષ્ફળ જાય છે ?' ૧૯૬૪માં પ્રકાશિત આ પુસ્તકે ખળભળાટ મચાવી દીધો હતો. તેમને અમેરિકાની ઉપભોક્તા સંસ્કૃતિ માટે ચીડ હતી. પર્યાવરણ સંરક્ષણમાં એમને ખૂબ રસ હતો.

અમેરિકાના આ જહોન હોલ્ટ નામના શિક્ષકને વર્ષોના અનુભવ પછી લાગ્યું કે શાળાનું વાતાવરણ અને શિક્ષણની પદ્ધતિ વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક પ્રતિભાઓને ખીલવવાને બદલે તેને મૂરઝાવી દેવાનું જ કામ કરે છે. આ કારણે ઈ.સ. ૧૯૭૭માં તેમણે 'ગ્રોઇંગ વિધાઉટ સ્કૂલિંગ' નામનું મૅગેઝિન શરૂ કર્યું. જહોન હોલ્ટ કહેતાં કે સ્કૂલ ખરાબ છે, કારણ કે તેઓ બાળકોને પુખ્ત વયના લોકોની દુનિયાથી વિખૂટાં પાડી દે છે, વિજેતાઓ અને હારેલાઓ એવા ભેદભાવ ઊભા કરે છે, ભણતરને ફરજિયાત બનાવી તેનું બાકીની જિંદગી સાથેનું અનુસંધાન તોડી નાખે છે. આ કારણે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે બાળકોને ફરજિયાત સ્કૂલના ત્રાસમાંથી છોડાવવા માટે કોઈ ઝુંબેશ શરૂ કરવી જોઈએ. ઇ.સ. ૧૯૮૫માં જહોન હોલ્ટનું અવસાન થયું ત્યાર બાદ પણ આ ઝુંબેશ ચાલુ જ રહી છે અને વધુ બળવત્તર પણ બની છે. જહોન હોલ્ટને જ્યારે વિચાર આવ્યો ત્યારે તેને થયું કે અમેરિકામાં મારી જેમ વિચારનારા બીજા પણ પરિવારો હોય તો તેમની સાથે પણ સંપર્ક સ્થાપિત કરવો જોઈએ. અને તેની ધારણા ખરેખર સાચી નીકળી. એ સમયે અમેરિકામાં જ એવાં મા-બાપો વિદ્યમાન હતાં જેમણે સાહસ કરીને પોતાનાં સંતાનોને શાળાએથી ઉઠાડી ઘરે ભણાવવાનું શરૂ કર્યું હતું. અમેરિકામાં આ રીતે બાળકને શાળાએ ન મોકલવાનું કામ ખૂબ અઘરું છે, કારણ કે તે કાનૂની અપરાધ ગણાય છે. જે મા-બાપો પોતાનાં બાળકોને ઘરે ભણાવતાં હતાં તેઓ કાં તો કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરતાં હતાં અને ક્યાંક તો ચોરીછૂપીથી આ પ્રવૃત્તિ ચલાવતાં હતાં. આ બધાં જ માબાપો વચ્ચે કડીરૂપ બનવા માટે જહોન હોલ્ટે ઈ.સ. ૧૯૭૭માં ચાર પાનાંના ન્યૂઝ લેટર સ્વરૂપમાં 'ગ્રોઇંગ વિધાઉટ સ્કૂલિંગ' નામનું મૅગેઝિન શરૂ કર્યું. જહોન હોલ્ટ એવું માનતા કે, વિદ્યાર્થીઓમાં કોઈ ખામી નથી, પણ હું જે કંઈ કરી રહ્યો છું તેમાં જ કંઈક ખોટું છે. જહોન હોલ્ટે જોયું કે શાળામાં ભણતાં વિદ્યાર્થીઓ ભયભીત હતાં અને કંટાળાનો અનુભવ કરતાં હતાં. આ કારણે તેઓ કોઈ વસ્તુ પ્રસન્નતાપૂર્વક શીખી શકતાં નહોતાં. ભયને કારણે તેમની બુદ્ધિ પણ જાણે કુંઠિત થઈ ગઈ હતી. જહોન હોલ્ટે એવું તારણ કાઢ્યું કે ભય એ શિક્ષણની પ્રક્રિયાનો સૌથી મોટો દુશ્મન છે. વળી શિક્ષકોના મનમાં જે વિચાર ઘર કરી ગયો છે કે, ''બાળકોને જ્યાં સુધી શું ભણવું અને કેમ ભણવું એ દર્શાવવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ કાંઈ શીખશે નહીં'', એ પણ સૌથી મોટી ગેરસમજ છે. આ વિચારો ઉપરથી તેણે 'વિદ્યાર્થીઓ શા માટે નાપાસ થાય છે?' નામનું પુસ્તક લખ્યું, જેને કારણે જહોન હોલ્ટ ખૂબ જ પ્રસિદ્ધ થઈ ગયો.

હોમસ્કૂલિંગ ઝુંબેશના પુરસ્કર્તાઓ કહે છે કે, બાળક બોલતાં અને ચાલતાં કેવી રીતે શીખે છે ? આ બે અઘરામાં અઘરી પ્રવૃત્તિ શીખવા માટે શું તેને કોઈ નિશાળમાં જવાની જરૂર પડે છે ખરી ? ભાષા જેવી અઘરી પ્રક્રિયા જો બાળક સ્કૂલે

ISSN : xxxx-xxxx
Volume-1, Issues: 1, April-June, 2020

ગયા વગર શીખી શકતું હોય તો એટલું તો સ્વીકારવું જ પડશે કે બાળકમાં સ્કૂલે ગયા વગર જાતે જ નિરીક્ષણથી વસ્તુઓ શીખવાની કુદરતી આવડત છે.

હોમસ્કૂલિંગમાં અને પરંપરાગત શિક્ષકમાં શો ફરક છે, એ આપણે નાનકડા ઉદાહરણથી સમજવાની કોશિશ કરીએ. સ્કૂલમાં કરોળિયા વિશે કોઈ પાઠ હશે. શિક્ષક પાઠ્યપુસ્તકમાંથી વાંચીને અને બ્લૅકબૉર્ડ ઉપર ચિત્ર દોરીને સમજાવવાની કોશિશ કરશે. ઘરમાં રહી ભણતું બાળક આ જ પાઠ અલગ રીતે ભણશે. આ વિદ્યાર્થી પોતાના પિતા સાથે સવારનો નાસ્તો કરી રહ્યો છે. એકાએક તે જુએ છે કે ભોજનખંડના એક ખૂણામાં એક કરોળિયો પોતાનું જાળું તૈયાર કરી રહ્યો છે. વિદ્યાર્થીને આ કરોળિયામાં ખૂબ રસ પડી ગયો એટલે નાસ્તો પડતો મૂકી તે કરોળિયાની પ્રવૃત્તિનું નિરીક્ષણ કરવા લાગ્યો. પછી કરોળિયા વિશે વધુ જાણવા બાપ-દીકરાએ સાથે મળી પુસ્તકો ઉથલાવ્યાં અને લેખો વાંચ્યા. આ રીતે તેઓ કરોળિયાનું નિરીક્ષણ કરતા ગયા અને લેખો વાંચતા ગયા. આ ફરક પરંપરાગત સ્કૂલ અને હોમસ્કૂલિંગનો છે.

કોઈ પણ વાલી પોતાના બાળકને સ્કૂલેથી ઉઠાવી લે અને ઘરે ભણાવવા માંડે ત્યારે તે અનેક જાતના ડર અને ચિંતાનો શિકાર તો બને જ છે. તેને ચિંતા હોય છે કે, ‘‘બાળક બરાબર ભણશે કે નહીં ? બીજાં બાળકો કરતાં તે પાછળ તો નહીં રહી જાય ને? તેને કૉલેજમાં એડ્મિશન મળશે? તેને નોકરી મળશે? ભવિષ્યમાં તે પોતાનાં મા-બાપ સાથે ઝઘડશે તો નહીં ને કે, ‘મને શાળાએથી શા માટે ઉઠાડી મૂક્યો?’ આવી ચિંતા ધરાવનારાં માબાપો માટે અમેરિકામાં ઘરે જ ભણીને તૈયાર થયેલા ૫૩ વિદ્યાર્થીઓનો સરવે કરવામાં આવ્યો હતો. જ્યારે આ ૫૩ વિદ્યાર્થીઓ મોટા થયા ત્યારે તેમને પૂછવામાં આવ્યું કે તમને જો ફરીવાર તક આપવામાં આવે તો તમે સ્કૂલે જવાનું પસંદ કરશો કે ઘરે ભણવાનું ? ત્યારે ૫૧ વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો હતો કે તેઓ ઘરે રહીને જ ભણવાનું વધુ પસંદ કરશે.

બીજી આનંદની વાત એ હતી કે સ્કૂલ-કૉલેજમાં ભણીને ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓમાં બેકારીનું પ્રમાણ જોવા મળે છે, પણ આ રીતે ઘરે ભણીને તૈયાર થયેલા સોએ સો ટકા વિદ્યાર્થીઓ એવું માનતા હતા કે સ્કૂલની પરીક્ષામાં વધુ માર્ક્સ આવે તેનો જરાય એવો અર્થ નથી થતો કે તમે વધુ પૈસા કમાઈ શકશો કે જીવનમાં વધુ સફળ બની શકશો. બાળકોની શાળાકીય નિષ્ફળતાનું સૌથી દારુણ પાસું તો ખરેખર બીજું જ છે. પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓની શાળાકીય કારકિર્દીની સફળતા-નિષ્ફળતા નક્કી કરવાના માપદંડ તો ખરેખર ભ્રામક છે.

આજના કોરોનાની Pandemic પરિસ્થિતિમાં બાળકો ઘરમાં રહીને જે નવાં કૌશલ્યો શીખી શકે તે શીખવાની પ્રેરણા વાલીએ આપવી જોઈએ. નાનાં-નાનાં કામ શીખવાની તેની આવડત તેના ભવિષ્યનાં મોટા કામ સાથે સીધો સંબંધ રાખે છે. ચાલો, બાળકોને ફરી એક વાર ખુલ્લું આકાશ આપીએ અને તેમને નવી દુનિયા સાથે જોડી દઈએ. શ્રી અરવિંદે સાચું જ કહ્યું છે કે, ‘શિક્ષણનો પહેલો સિદ્ધાંત એ છે કે કશું કોઈને શીખવી શકાય નહિ’.